**રેગ્યુલર દિવાની કેસ નં.૯૪૭/૨૦૨૫**

**–:: આંક–૧ નીચે હુકમ ::–**

(૧) હાલનો દાવો વાદીએ તા.૧૮–૦૧–૨૦૨૩ ના રોજ પ્રતિવાદીઓ સામે રજીસ્ટર્ડ વીલનુ પ્રોબેટ વિકલ્પે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન(વીથ ધ રજીસ્ટર્ડ વીલ એનેક્ષ) કાઢી આપવા અરજ કરેલ છે. ત્યારબાદ પુરાવા માટે કામ પેન્ડીંગ હતુ. પરંતુ ત્યારબાદ વાદી અને પ્રતિવાદીઓને ઘરમેળે સમાધાન થતા તેઓએ આંક–૨૨ થી કરારદાદની સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે, અને વાદીએ આ દાવા સબંધે માંગેલ દાદ કાયમી ધોરણે જતી યાને વેઈવ કરેલ છે. સ્વ.પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાને તેમના માતૃશ્રી સ્વ.સંતોકબેન દુદાભાઈ તરફથી વારસાઈમાં મળેલ નારીના ખાતા નં.૨૧૮ થી સર્વે નં.૧૨૩ પૈકી ૨ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧–૫૧–૭૬ અને સર્વે નં.૧૮૩ પૈકી ૨/૧ પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૮૭–૦૧ છે તે રીતે કુલ હે.આરે.ચો.મી ૨–૩૮–૭૭ ના ક્ષેત્રફળ અને માપની ખેતીની જમીન પ્રાપ્ત થયેલ. જે અંગે રેવન્યુ રેકર્ડમા નોંધ નં–૬૧૪ તા.૨૬–૬–૧૯૮૦ થી નોંધ પડેલ છે. સદર સ્થાવર મિલકત સ્વર્ગસ્થ પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાએ પોતાની હયાતીમા તેમના ચાર પુત્રોના નામ જોગ યાને તેઓ પક્ષકારો તથા સ્વર્ગસ્થ માધવજીભાઈ બોરડાનો સમાવેશ થાય છે તેમના નામજોગ વારસાઈથી રેવન્યુ રેકર્ડમા નોંધ નં.૧૦૫૮, તા.૦૭–૦૧–૧૯૯૩ થી નોંધાવેલ છે અને તે સમયે સ્વર્ગસ્થ પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાના ચારેય પુત્રીઓએ સદર સ્થાવર મિલકતમાં પોતાનો હકક, હિત, હિસ્સો કાયમી ધોરણે જતો કરેલ હોય જેથી સદર તમામ પુત્રીઓને સદર સ્થાવર મિલકતમાં લાગ–ભાગ લેવો ન હોવા અંગેના કબૂલાત આપેલ હોવાથી સદર નોંધમા તેવો ઉલ્લેખ કરવામા આવેલ છે. જે સ્થાવર મિલકત ખેતીની જમીનમાં સ્વર્ગસ્થ માધવજીભાઈ બોરડાનો સમાયેલ અને વણવહેંચાયેલ ૧/૪ યાને ૨૫% હિસ્સો સમાયેલ છે તેમજ સ્વ.પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાને તેમના પિતાશ્રી સ્વ.કરશનભાઈ બોરડા તરફથી નારી ગામે ચોરા પાસે, ઠાકર મંદીર નજીક, જુના ગામતળ પ્લોટ તથા તે માંહે આવેલ

રહેણાંકીય બાંધકામ જેના ક્ષેત્રફળ ૧૧૫–૦૦ ચો.મી યાને ૧૩૭ ચો.વાર જેમા બે રૂમ, સંડાસ–બાથરુમ, ઓસરીવાળુ બાંધકામ તથા અન્ય ચાર રુમ, ૨ રસોડા અને ઓસરી આવેલ છે તે મિલકતોમાં સ્વ.માધવજીભાઈ બોરડાનો સમાયેલ અને વણવહેંચાયેલ ૧/૪ યાને ૨૫% હિસ્સો સમાયેલ છે. તેમજ સ્વ.પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાની માલીકીની એક સ્થાવર મિલકત નારી ગામે ખુલ્લા પ્લોટ નં–૧૦૨ જેના ક્ષેત્રફળ ૪૦૫.૦૦ ચો.મી યાને ૪૮૪ ચો.વાર થવા પામે છે, જે સ્થાવર મિલકતના રેકર્ડમા તેમના ચારેય પુત્રોના નામ નોંધ નં–૧૦૫૮ તા.૭–૧–૧૯૯૩ થી સંયુકત માલીકી દરજજે નોંધાયેલ છે જે મિલકતમાં સ્વ.માધવજીભાઈ બોરડાનો સમાયેલ અને વણવહેંચાયેલ ૧/૪ યાને ૨૫% હિસ્સો સમાયેલ છે. ઉપરોકત ત્રણયે સ્થાવર મિલકતો તેઓ પક્ષકારો તેમજ સ્વ.માધવજીભાઈ પરશોત્તમભાઈ બોરડાને સ્વ.પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડાના કાયદેસરના સીધીલીટીના વારસો દરજજે વારસાઈ હકકથી પ્રાપ્ત થયેલ છે જે મિલકતો વણવહેંચાયેલ છે. સ્વ.પરશોત્તમભાઈ કરશનભાઈ બોરડા પોતે જાતે હિન્દુ અવિભકત કુટુંબના કર્તા હતા અને તે હકીકતે તેઓ પક્ષકારો તથા સ્વ.માધવજીભાઈ બોરડા પણ હિન્દુ અવિભકત કુટુંબના સભ્ય હોવાના નાતે હિન્દુ કાયદા તેની જોગવાઈઓ અને રૂઢી–રિવાજ મુજબ બંધાયેલા છે. સ્વ.માધવજીભાઈ પરશોત્તમભાઈ બોરડા પ્રથમથી જ નારી ગામ મુકામે ચોરા પાસે રહેતા આવેલ તેઓનુ અવસાન તા.૦૫–૦૪–૨૦૨૧ ના રોજ કોરોનાની ગંભીર બિમારીથી થયેલ છે. સ્વ.માધવજીભાઈ પરશોત્તમભાઈ બોરડાના અવસાન બાદ તેમના પત્ની સ્વ.મુકતાબેન માધવજીભાઈ બોરડા તમામ સ્થાવર મિલકતના કાયદેસરના વારસદાર બનેલ, તેણીનુ અવસાન તા.૨૨–૧–૨૦૨૩ ના રોજ થયેલ. સ્વ.માધવજીભાઈ અને સ્વ.મુકતાબેન નિ:સંતાન અવસાન પામેલ હોય તેથી વાદી અને પ્રતિવાદીઓ સદર તમામ સ્થાવર મિલકતો માંહે સ્વ.માધવજીભાઈ પરશોત્તમભાઈ બોરડાના ૧/૪ વણવહેંચાયેલ હિસ્સાના કાયદેસર વારસદાર બનેલ છે અને તેઓ તમામને તેઓના વારસદાર તરીકે સદર સ્થાવર મિલકતોમા ૧/૪ યાને ૨૫% વણવહેંચાયેલ સ્વતંત્ર માલીકી, કબજેદારનો સરખો હિસ્સો યાને વાદી અને પ્રતિવાદીઓના મળી ૧/૩–૧/૩ પ્રત્યેકનો હિસ્સો સમાયેલ છે. જે તમામ

સ્થાવ મિલકતોનો સંપુર્ણ કબજો, ભોગવટો તેઓ પક્ષકારો પ્રથમથી જ ધરાવે છે અને આજે પણ શરુ છે. વધુમાં, પક્ષકારો વચ્ચે આ મિલકતો પરત્વે આર્થીક વ્યવહાર થયેલ છે તેની સમજ થઈ ગયેલ છે અને હવે પક્ષકારોને એકબીજા પરત્વે કોઈપણ લ ેતી–દેતીનો હિસાબ બાકી રહેતો નથી, જે અંગે રેવન્યુ રેકર્ડમા જરૂર જણાયે જે કોઈ નોંધ પડાવવાની કે દાખલ કરવાની રહે તે બંન્ને પક્ષકારોએ સંપૂર્ણ સંમતીથી, સ્વેચ્છાએ, કોઈપણ જાતના દાબ, દબાણ, લોભ કે પ્રલોભનને વશ થયા વિના કાયદેસર કાર્યવાહી કરી બંન્ને પક્ષકારોના નામ રેવન્યુ રેકર્ડમા સ્વ.માધવજીભાઈ પરશોત્તમભાઈ બોરડાના કાયદેસરના વારસદારો દરજજે નોંધાવવાના છે અને રહેશે.

(૨) આમ ઉપરોકત વિગતે વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે સમાધાન થયેલ છે અને તે અંગે આંક–૨૩, આંક–૨૪, આંક–૨૫ તથા આંક–૨૬ થી પરશોત્તમભાઈ બોરડાના પુત્રી અમૃતાબેન,શારદાબેન,મધુબેન તથા સ્વ.કસ્તુરબેન પરશોત્તમભાઈ બોરડાના વારસોની વિગતવારની કરારદાદને સમર્થન કરતી પુરસીસ રજુ રાખી કરાર દાદ મુજબ સમાધાન થયેલાનુ અને રે.દિ.દાવા નં–૨૯૭/૨૩ ના દાવામા પણ કરારદાદ મુજબ સમાધાનમા સહી કરી આપેલાનુ જાહેર કરેલ છે. જેથી હાલનો દાવો કરારદાદની પુરસીસ મુજબ ફેસલ કરવામાં આવે છે.

કરારદાદ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તા.૨૫ માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૫/૦૩/૨૦૨૬.
સ્થળ : ભાવનગર.

(એમ.ડી.બ્રહભટ્ટ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
ભાવનગર
**CODE GJ01008**

એ.બી.મકવાણા,